الماہنامہ البلاغ
AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ
માસિક

## નવેમ્બર-૨૦૧૯

માનદ તંત્રી
**અહમદ યાકૂબ પટેલ**
મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

ઈબ્ને જવઝી રહ. ફરમાવે છે કે માણસો ઉપર એક મોટી મુસીબત આ પણ આવી પડી છે કે માણસ પોતાના ગમે તેવા વિચારો અને અધૂરા અધકચરા જ્ઞાનને કાફી સમજીને એના ઉપર જ ભરોસો કરે છે. પરિણામે હિદાયત, સઆદત, ઈલ્મ અને સમજથી મહરૂમ રહે છે. યહૂદીઓ અને ઈસાઈઓની ગુમરાહીનું એક કારણ આ પણ છે. તેઓ પોતાની કિતાબ અને નબીને અંતિમ માની બેઠા અને દિલોના દરવાઝા બંધ કરી લીધા..

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| સમાજના દુશ્મનો સાથે સંબંધ ? | ૫ |
| મઆરિફુલ કુરઆન | ૯ |
| ઈસ્લામ એક ઈલ્હામી નિઝામ | ૧૫ |
| નબીએ કરીમ સલ. ની વંશાવળી | ૧૭ |
| મુસલમાનને કાફિર – ફાસિક કહેવું | ૧૮ |
| ઈસ્લામની સર્વગ્રાહિતા અને .. | ૨૪ |
| ત્રણ માણસો માટે જન્નત હરામ | ૨૮ |
| ફતાવા વિભાગ | ૩૦ |
| બોધકથા | ૩૪ |
| Interest | ૩૫ |
| છેલ્લા પાને | ૩૮ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

નવેમ્બર – ૨૦૧૯ ઈ.

રબીઉલ અવ્વલ – ૧૪૪૧ હિ.

વર્ષ – ૧૯, અંક – ૯

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

# તરબિયત અને તાલીમનો નબવી તરીકો

●એક માણસે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! વુઝૂ કેવી રીતે કરવામાં આવે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મૌખિક રીતે વુઝૂનો તરીકો બતાવવાના બદલે એક વાસણમાં પાણી મંગાવ્યું અને પૂરું વુઝૂ પોતે કરીને બતાવ્યું. જેથી પૂછનાર વ્યકિત સારી રીતે શીખી શકે. વુઝૂ કરીને પછી છેલ્લે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : આ વુઝૂની પૂરી રીત છે. જે કોઈ એમાં કોઈ બાબતનો વધારો કરશે અથવા એમાંથી કંઈ ઓછું કરશે તો એ હદથી વધનાર અને અતિરેક કરનાર (ઝાલિમ) ગણાશે.

●હઝરત અમ્માર બિન યાસિર રદિ. ફરમાવે છે કે, એક માણસ હઝરત ઉમર રદિ. પાસે આવીને કહેવા લાગ્યો કે મારે ગુસલ કરવું ફરજ છે, પણ મારી પાસે પાણી નથી. હવે શું કરું ? આ વેળા હઝરત અમ્માર બિન યાસિર રદિ. ત્યાં જ મોજૂદ હતા. તેઓ હઝરત ઉમર રદિ.ને કહેવા લાગ્યા : તમને યાદ નથી, એકવાર આપણે બન્ને સફરમાં હતા. અને આપણ બન્નેને જનાબતના કારણે ગુસલ કરવું ફરજ હતું. પાણી હતું નહીં એટલે તમે તો નમાઝ પઢી નહીં. હું આખો માટીમાં આળોટી ગયો અને પછી નમાઝ પઢી લીધી. પછી સફરેથી પાછા ફરીને મેં આ બાબતની નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જાણ કરી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, તમારે ફકત આટલું કરી લેવું કાફી હતું, અને પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે 'તયમ્મુમ' કરીને તયમ્મુમની રીત શીખવાડી. *(બુખારી શરીફ)*

તંત્રી સ્થાનેથી...

અલ્લાહ તઆલાએ એના સઘળા સર્જનોમાં માનવીને શ્રેષ્ઠતમ હોવાનું બહુમાન આપ્યું છે. શ્રેષ્ઠતાનું આ બહુમાન એટલા માટે છે કે ખુદા તઆલાએ એના સર્જન, માર્ગદર્શન અને જીવન માટે અન્ય દરેક મખ્લૂક કરતાં વધારે શ્રેષ્ઠ માધ્યમો અપનાવ્યા છે. પહેલાં જન્નતમાં એને વસાવવું, સ્વંય ખુદા તઆલા દ્વારા એની કેળવણી અને તાલીમ, ફરિશ્તાઓને એની સામે સજદો કરાવવો, વગેરે બાબતો એનો પુરાવો છે. દુનિયામાં ઉતાર્યા પછી દુન્યવી જીવનના માર્ગદર્શન માટે પણ શ્રેષ્ઠ પદ્ધતિ અપનાવી. સમયાંતરે અનેક નબીઓ મોકલીને નેકી, સદાચાર અને ઈબાદતની ઝિમ્મેદારી યાદ અપાવવા ઉપરાંત એ માટે રહનૂમાઈ ફરમાવી. માર્ગદર્શન અને કેળવણીના આ પવિત્ર ખુદાઈ સિલસિલાની અંતિમ કડી આપણા સૌના સરદાર, પ્યારા અને પવિત્ર નબી, રસૂલે ખુદા, હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ છે.

માનવજીવનના આદર્શ અને ઉદાહરણ માટે શ્રેષ્ઠ વ્યકિતત્વ ધરાવતા નબીના માર્ગદર્શન અને કેળવણીના પરિપૂર્ણ હોવા માટે આવશ્યક હતું કે આ માર્ગદર્શન અને નમૂનો માનવીની વંશીય પરંપરાના અંત સુધી સદાકાળી અને દાએમી હોય. માટે અલ્લાહ તઆલા તરફથી એની શ્રેષ્ઠ રીત અપનાવીને એના અમુક બંદાઓ મારફત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશો, કાર્યો, કથનો, માર્ગદર્શનો, અર્થાત સંપૂર્ણ જીવનચરિત્રને મૌખિક અને લેખિત સ્વરૂપે પાછળથી આવતા માનવીઓ માટે રક્ષિત કરી દેવામાં આવ્યું. ત્યાં સુધી કે 'સીરત' એક સંપૂર્ણ ઈસ્લામી વિદ્યા (કગખવભહત) બની ગયો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતથી લઈ આજ સુધી પરંપરા ચાલી રહી છે કે આપના આદર્શ જીવનમાંથી માર્ગદર્શન અને ઉકેલ મેળવીને મુસલમાનો દરેક કાળમાં એમના જીવનનો માર્ગ નકકી કરે છે. સીરત (નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પવિત્ર જીવન)નું આલેખન અને વિવરણ આ જ કારણે ઘણું મુબારક હોવા ઉપરાંત અત્યંત મહત્વનું અને તકેદારીનું કાર્ય ગણવામાં આવે છે.

આ વિષય અને વિદ્યા પર, ગદ્ય – પદ્ય બન્ને શૈલીમાં, હઝારો પૃષ્ઠો અને અનેક ભાગો પર ફેલાયેલ હઝારો કિતાબો સંપાદન કરવામાં આવી છે તો ઉપયોગી અને મહત્વની જાણકારી આધારિત નાની કિતાબો પણ લાખોની સંખ્યામાં લખાય ચૂકી છે. અને કયામત સુધી લખાતી રહેશે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આખરી નબી છે, આપના આદર્શો અને આદેશો ઉમ્મત માટે કયામત સુધી કાફી અને રાહનૂમા છે, એનો જ એક ભાગ સીરતનું લખાણ અને વંચાણ છે. સીરતના જાણકાર ઉલમા અને વિદ્વાનો દરેક ઝમાનામાં સમય અને લોકોની જરૂરત મુજબ સીરતે નબવીમાંથી લોકોને માર્ગદર્શન પુરું પાડે છે. આ રીતે જ મુહમ્મદી આદર્શો અને ઈસ્લામી જીવન દરેક ઝમાનામાં બાકી રહેશે અને લોકો માટે રાહબરીનો ઝરીયો છે.

અલ્લાહ તઆલા આપણ સૌને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવનચરિત્ર – સીરતમાંથી બોધગ્રહણ કરવાની તોફીક આપે. એમણે બતાવેલ અને અપનાવેલ રસ્તે ચાલવાની તોફીક આપે.

———————————

———————————————

## સમાજ કે ધર્મના શત્રુઓ સાથે ગાઢ સંબંધ ન રાખો અને પોતાના ધર્મ ઉપર અડગ રહો.

*–મુફતી ફરીદ અહમદ કાવી*

بسم الله الرحمن الرحيم
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ
دُوْنِكُمْ لَا يَاْلُوْنَكُمْ خَبَالًا ؕ وَدُّوْا مَا
عَنِتُّمْ ۚ قَدْ بَدَتِ الْبَغْضَآءُ مِنْ
اَفْوَاهِهِمْ ۖۚ وَمَا تُخْفِيْ صُدُوْرُهُمْ اَكْبَرُ ؕ
قَدْ بَيَّنَّا لَكُمُ الْاٰيٰتِ اِنْ كُنْتُمْ تَعْقِلُوْنَ ﴿۱۱۸﴾
هٰۤاَنْتُمْ اُولَآءِ تُحِبُّوْنَهُمْ وَلَا يُحِبُّوْنَكُمْ
وَتُؤْمِنُوْنَ بِالْكِتٰبِ كُلِّهٖ ۚ وَاِذَا لَقُوْكُمْ
قَالُوْۤا اٰمَنَّا ۖۚ وَاِذَا خَلَوْا عَضُّوْا عَلَيْكُمُ
الْاَنَامِلَ مِنَ الْغَيْظِ ؕ قُلْ مُوْتُوْا
بِغَيْظِكُمْ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ
الصُّدُوْرِ ﴿۱۱۹﴾ اِنْ تَمْسَسْكُمْ حَسَنَةٌ
تَسُؤْهُمْ ۫ وَاِنْ تُصِبْكُمْ سَيِّئَةٌ يَّفْرَحُوْا
بِهَا ؕ وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا لَا يَضُرُّكُمْ
كَيْدُهُمْ شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ بِمَا يَعْمَلُوْنَ
مُحِيْطٌ ﴿۱۲۰﴾

તરજમહ : હે ઈમાનવાળાઓ ! તમારા પોતીકા સિવાય વ્યકિતને ભેદી દોસ્ત ન બનાવશો, આ લોકો તમને નુકસાન કરવામાં કોઈ પરવા નથી કરતા. તેઓ ચાહે છે કે તમે જેટલા દુખી થાઓ. અદાવત એમના મોઢા (ની વાતો) થી સ્પષ્ટ સામે આવી ગઈ છે. અને જે કંઈ (નફરત) એમના દિલો છુપાવે છે તે એના કરતાં પણ વધારે છે. જો તમે સમજતા હો તો અમે તમારી સામે બધી નિશાનીઓ સ્પષ્ટ કરી દીધી છે. (૧૧૮) આ તમે જ એવા છો, કે એમને ચાહો છો, પણ તેઓ તમને નથી ચાહતા. અને તમે બધી કિતાબો ઉપર ઈમાન લાવો છો (પણ તેઓ તમારી કિતાબ ઉપર ઈમાન નથી લાવતા) અને એ લોકો તમને મળે છે ત્યારે કહે છે કે અમે ઈમાન લઈ આવ્યા છે. (મુસલમાન છીએ) પણ જ્યારે એકલા પડે છે, ત્યારે ગુસ્સાથી તમારા વિરુદ્ધ પોતાના આંગળા ચાવે છે. તમે કહી દો કે તમે તમારા ગુસ્સામાં મરી જાઓ. બેશક, અલ્લાહ દિલની બાબતો ખૂબ જાણે છે. (૧૧૯) જો

તમને કોઈ ભલાઈ (જીત) મળે છે તો તેઓને માઠી લાગે છે અને જો તમને કોઈ બુરાઈ પહોંચે છે તો એનાથી તેઓ ખુશ થાય છે, પણ જો તમે ધીરજ રાખશો અને બચતા રહેશો તો તમને એમના કાવતરા કંઈ નુકસાન નહિ કરે. બેશક, અલ્લાહ તેઓના કામો ઉપર કાબૂ ધરાવે છે. (૧૨૦)

તફસીર : મુસલમાનોને આ આયતમાં એક વિશેષ તાકીદ કરવામાં આવી છે, પોતાના સહધર્મી એટલે કે મુસલમાનના બદલે, શત્રુ પક્ષના બીજા વ્યકિતને એવો નિખાલસ અને જાણભેદુ દોસ્ત ન બનાવવામાં આવે, જેના સાથે પેટછુટી વાત કરવામાં આવે. આમ થવામાં સામાજિક, સામુહિક, ધાર્મિક અને કોમી ભેદની વાતો છતી થઈ જવાનો ભય રહે છે, જે સમાજ માટે દરેક રીતે હાનિકાર છે. મવ. દરયાબાદી રહ. લખે છે :

" આવા તર્કસંગત અને આવશ્યક આદેશને બુદ્ધિના દુશ્મન અમુલ લોકો 'ઈસ્લામની સંકુચિત માનસિકતા' દર્શાવે છે. સુબ્હાનલ્લાહ ! ચેપી રોગોથી બચવાના ઉપાયો અપનાવવાને લોકો ગર્વ સાથે 'સ્વાસ્થ્ય તકેદારી' કહે છે, અને જે નિયમો થકી દુનિયા – આખિરતનું નુકસાનથી બચી શકાય છે, એનું નામ સંકુચિતતા રાખવામાં આવે છે. અક્કલની દુશ્મનીની પણ કોઈ હદ હોવી જોઈએ.

અફસોસ, મુસલમાનોએ આ આયત ઉપર અમલ બાબતે ઘણા પહેલાંથી જ કોતાહી કરવાનું શરૂ કરી દીધું છે. હજુ તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનાને અમુક સદીઓ પણ વીતી ન હતી, અને સલતનતના કામકાજમાં ખુલ્લ રીતે ઈસાઈઓ, પારસીઓ વગેરેને શામેલ કરી લીધા, ઈમામ કુરતુબી રહ. પાચંમી હિજરી સદીના મહાન વિદ્વાન છે. પોતાના સમયની સ્થિતિને અત્યંત અફસોસ સાથે વર્ણવતાં લખે છે : આજના સમયમાં પરિસ્થિતિઓ બિલ્કુલ બદલાય ગઈ છે. અહલે કિતાબ (યૂહદી,ઈસાઈ વગેરે) લોકોને મુસલમાન હાકેમોએ પોતાના સેક્રેટરી અને સલાહકાર નિયુકત કરી લીધા છે. અને આમ જાહેલ હાકેમો, અમીરો અને માલદારોના સરદાર બની ગયા છે."

મવ. દરયાબાદી રહ. આગળ લખે છે : આ તો પાંચમી હિજરી સદીની હાલત છે. આજે ચોદમી (પંદરમી) સદીમાં સ્થિતિ આ છે કે જીવનના દરેક ક્ષેત્રમાં મુસલમાનો ઉપર વિરોધીઓનો પ્રભાવ વધતો જઈ રહયો છે. (તફસીરે માજિદી : ૧/૬૩૩)

પછી આગળ આવા હુકમ પાછળ શું પરિબળો છે, એનું વર્ણન છે. એક તો આ કે તેઓ તેમને બરબાદીની કોઈ પરવા નથી, એટલે કે તેઓ તમને કોઈ નુકસાનથી બચાવવાના પ્રયાસો તો દૂર, બલકે બરબાદ કરવામાં કોઈ કસર છોડે એવા નથી. તમને વધારેથી વધારે મુસીબત પહોંચે એ જ એમની ઈચ્છા હોય છે. ઘણીવાર અનાયાસે જ તમારા પ્રત્યેની શત્રુતા અને ધૃણાની વાતો મદીનાના યહૂદીઓ અને તમારા શત્રુઓના મોંઢેથી સામે આવી જાય છે અને એમના દિલોમાં જે અદાવત છુપાયેલી છે, એ આ બધાથી કેટલીયે વધારે છે. એમના મોંઢેથી જ બોલાવીને એમની દુશ્મની તમારી સામે અમે જાહેર કરી દીધી છે, અને આ આયતો થકી એમના સાથે નુકસાનકારક ભેદનો સંબંધ બનાવવાની મનાઈ પણ અમે જાહેર કરી દીધી છે. હવે તમે અકલમંદ હોવ તો સમજી શકો છો કે તમારે શું કરવાનું છે ?

આયત નં ૧૧૯ માં એમની નફરત અને અદાવતની વધારે વિગત અલ્લાહ તઆલા વર્ણવે છે કે તમે તો આ મુનાફિકો અને યહૂદીઓ વગેરેને ચાહો છો, અને મુહબ્બત કરો છો, પણ તેઓ તમારા પ્રત્યે મુહબ્બત નથી રાખતા, તમે કુરઆન ઉપરાંત બધી જ આસમાની કિતાબો ઉપર ઈમાન ધરાવો છો, જેમાં એમની કિતાબ (તવરાત અને બાઈબલ) પણ આવી જાય છે, પણ તેઓ તમારા કુરઆનને નથી માનતા. તેઓ ફકત તમને સામે મળે છે ત્યારે જ કહે છે કે અમે ઈમાન લાવીને મુસલમાન બની ગયા છે, પરંતુ જયારે તમારાથી વિખુટા પડે છે તો તમારા પ્રત્યેનો ગુસ્સો અને અદાવત કાઢવાનો કોઈ મોકો નથી મળતો એટલે બેચેન થઈને પોતાના જ આંગળા ચાવે છે અને દાંત કચકચાવે છે. અલ્લાહ તઆલા એમને સંબંધીને કહે છે કે હવે તો આ અદાવત અને ગુસ્સામાં જ તમે મરી પરવારો, કારણ કે તમારી અદાવત અને શરારતને અલ્લાહ તઆલાએ મુસલમાનો સામે જાહેર કરી દીધી, એટલે મુસલમાનો તો તમારી ચાલમાં આવશે નહીં અને નુકસાનથી બચી જશે.

આયત નં : ૧૨૦ માં પણ પ્રથમ એમની અદાવતની એક ઓર દલીલ બતાવીને પછી એમના શરારત – પ્રપંચોથી બચવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. મુસલમાનોને ઈસ્લામના પ્રસાર, લડાઈમાં જીત કે કોઈ બીજી સામાજિક – આર્થિક ખુશીનો અવસર સાંપડે છે તો તેઓ એમને ખરાબ લાગે છે, અફસોસ કરે છે, અને જો મુસલમાનોને કોઈ નુકસાન પહોંચે તો એમને સારું લાગે છે. આ બધી દલીલો છે, જેનાથી આ જાહેરના મિત્રો અને અંદરના શત્રુની ઓળખ તમારી સામે છતી કરી છે.

એમની શત્રુતા અને શરારતો – પ્રપંચોથી બચવાની રીત આ છે કે તમે સબ્ર અને તકવો અપનાવો. એટલે કે એમનાથી દૂર રહો. એમના પ્રપંચોથી ઉશ્કેરાયને કોઈ ખોટું પગલું ન ભરો, બલકે ધીરજ અને શાંતિ રાખો અને તકવો અપનાવો એટલે કે પોતાને ખુદાના તાબેદાર બનાવીને પોતાની સુધારણા, સદ્ધરતા અને શકિત વધારવાના કામોમાં દઢતાપૂર્વક લાગ્યા રહો. એમની ચાલો અને શાજિશોના ઉત્તર – પ્રતિકારની ફિકર ન કરો, એ બધાને અલ્લાહ તઆલા ઘેરીને બેકાર કરી દેશે.

***ખુલાસો :***

જે દુશ્મનો તમને બરબાદ કરવામાં કોઈ કસર ન રાખે.

તમારી મુસીબતોથી ખુશ થતા હોય.

એમના મોઢેથી ખુલ્લી રીતે અદાવત વ્યકત કરતા હોય.

એમના દિલોમાં ઓર વધારે નફરત અને અદાવત ભરેલી હોય.

તમે મુહબ્બત કરો, છતાં એ તમારી સાથે મુહબ્બત ન કરે.

તમે એમના ધર્મ–કિતાબને સાચો માનો, છતાં એ તમને ખોટા ઠેરવે.

જાહેરમાં ધર્મ – ઈમાનનો એકરાર કરે અને અલગ પડીને નફરત કરે.

તમને ફાયદો – નફો થાય, એ એમને પસંદ ન હોય.

અને નુકસાન થાય તો ખુશ થતા હોય.

આવા દુશ્મનો સાથે ગાઢ દોસ્તી રાખવી અને એમને પોતાની વાતોના જાણભેદી બનાવવા ખોટું છે. એનાથી ધાર્મિક, સામાજિક અને કોમી નુકસાન થાય છે.

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

*અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૩૭

## *ઈદુલ ફિત્ર અને ઈદુલ અદહા*

દરેક કોમના અમૂક ખાસ તહેવાર અને મોજશોખના દિવસો હોય છે. જેમાં તે કોમના લોકો પોત પોતાની શકિત અને તાકત મુજબ સારા પોશાક પરાધીન કરે છે. તેમ સ્વાદિષ્ટ ભોજન રાંધી ખાય છે. અને બીજી રીતે પણ તેમની અંદરની ખુશીનો દેખાવ કરે છે. એ મનુષ્યનું નેચર છે. એટલે જ મનુષ્યોનું કોઈ ગૃપ અને જમાઅત એવી નથી જેમના ત્યાં તહેવાર અને ખેલકુદના કોઈ ખાસ દિવસ ન હોય.

ઈસ્લામમાં પણ એવા બે દિવસો રાખવામાં આવ્યા છે. એક ઈદુલફિત્ર અને બીજો ઈદુલઅદહા, બસ એ જ મુસ્લિમોના અસલ ધાર્મિક અને સામાજિક તહેવારો છે. તે સિવાય મુસલમાનો જે તહેવાર મનાવે છે. તેનો કોઈ ધાર્મિક પાયો નથી, બલ્કે ઈસ્લામની નઝરે જોતાં વધુ પડતી બેકાર ચીઝો છે. મુસલમાનોનું સામાજિક જીવન ત્યારથી શરૂ થાય છે. જયારથી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) હિજરત કરી મદીના પધાર્યા, ઈદુફિત્ર અને ઈદુલ અદહા એ બંને તહેવારો પણ ત્યારથી જ શરૂ થયા છે.

જેમકે સૌ જાણે છે ઈદુલફિત્ર રમઝાન મુબારકના અંત પર પહેલી શવ્વાલે ઉજવવામાં આવે છે અને ઈદુલઅદહા દસ ઝિલ્હજના. રમઝાન મુબારક દીની અને આત્મિક રીતે વર્ષના બાર માસમાંથી સૌથી મુબારક માસ છે. એ જ માસમાં કુર્આન ઉતરવું શરૂ થયું, એ જ આખા મહીનાના રોઝા ઉમ્મતે મુસ્લિમા પર ફરજ કરવમાં આવ્યા, તેની રાતોમાં એક વધારાની નમાઝનો જમાઅત સાથે વધારો કરવામાં આવ્યો, અને દરેક જાતની નેકીઓમાં વધારાની પ્રેરણા

આપવામાં આવી, મતલબ કે એ આખો મહીનો ચેષ્ટાઓનો નાસ અને તપસ્યા તેમ દરેક પ્રકારના જતન અને ઈબાદતોના વધારાનો મહીનો ગણવામાં આવ્યો, જાહેર છે કે આ માસના અંત પર જે દિવસ આવે ઈમાની અને આત્મિક બરકતોના હિસાબે તે જ સૌથી વધુ તેનો હકદાર છે કે તેને આ ઉમ્મતના મોજ શોખ અને ખુશીનો દિવસ અને તહેવાર બનાવવામાં આવે. જેથી તે જ દિવસને ઈદુલફિત્ર નક્કી કરવામાં આવ્યો, અને દસ ઝિલ્હજ તે મુબારક ઈતિહાસિક દિવસ છે. જેમાં મુસ્લિમ ઉમ્મતના મૂળ રોપનાર અને સૌ પ્રથમ વારિસ સૈયદના હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈહિસ્સલામ)એ તેમની જાણ મુજબ અલ્લાહનો હુકમ અને ઈશારો મેળવી પોતાના જીગરના ટુકડા સૈયદના ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ને તેમની મરજીથી કુર્બાની માટે અલ્લાહના દરબારમાં રજુ કરી તેમના ગળા પર છરી ચલાવી પોતાની સાચી વફાદારી અને પુરેપુરી નમ્રતા અને ખુશીનો સુબુત આપ્યો હતો, અને અલ્લાહ તઆલાએ પ્યાર, મહોબ્બત, અને કુર્બાની ભેટની આ પરિક્ષામાં સફળ કરી હઝરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ને જીવતા અને સલામત રાખી તેમની જગ્યાએ એક જાનવરની કુર્બાની કબૂલ ફરમાવી હતી, અને હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)ના માથાપર "ઈન્ની જાઈલુક લિન્નાસિ ઈમામા" નો તાજ મુકયો હતો, અને તેમની એ અદાની નકલ કયામત સુધી "આશિકોની રસમ" નક્કી કરી હતી, બસ જો કોઈ દિવસ કોઈ મહાન ઈતિહાસિક બનાવની યાદગાર રીતે તહેવાર નક્કી કરવામાં આવતો હોય તો ઉમ્મતે મુસ્લિમા માટે જે મિલ્લતે ઈબ્રાહીમીની વારિસ અને ખલીલુલ્લાહ (અલૈહિસ્સલામ)ના સંસ્કારોના લીડર છે. દસ ઝિલ્હજના મુકાબલમાં કોઈ બીજો દિવસ એનો હકદાર બની શકતો નથી જેથી બીજી ઈદ દસ ઝિલ્હજ્જે નક્કી કરવામાં આવી.

જે ઉજ્જડ ધરતીમાં હઝરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ની કુર્બાનીનો બનાવ બન્યો હતો, તે જ ધરતી પર આખા ઈસ્લામી જગતની હજનું વાર્ષિક સંમેલન અને કુર્બાનીના ફરજો વિગેરે આ બનાવની અસલ અને પહેલા નંબરની યાદગાર છે. અને દરેક ઈસ્લામી શહેર અને ગામડામાં ઈદુલઅદહાની ઉજવણી, નમાઝ કુર્બાની વિગેરે પણ એની નકલ બીજા નંબરની યાદગાર છે.

ખુલાસો એ બંને(પહેલી શવ્વાલ અને દસ ઝિલ્હજ)ના આ ખાસિયતોના કારણે તેમને ઈદના દિવસ અને ઉમ્મતે મુસ્લિમ માટે તહેવાર નક્કી કરવામાં

આવ્યા.

આ પ્રસ્તાવના પછી એ બંને ઈદો વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હદીષો નીચે વાંચો :–

ખરો હેતુ તો અહીંયા "કિતાબુ સ્સલાતત"માં ઈદોની નમાઝોનું વર્ણન છે. પરંતુ તેના હેઠળ એ બંને ઈદો વિષે બીજા અમલો અને હુકમોની હદીષો પણ અહીં ટાંકવામાં આવશે. જેમકે મુહદ્દીસોનો રિવાજ અને રીત છે.

## બંને ઈદોની શરૂઆત

(٢٥٢) عَنْ اَنَسٍ ؓ قَالَ قَدِمَ النَّبِیُّ ﷺ اَلْمَدِیْنَةَ وَلَهُمْ یَوْمَانِ یَلْعَبُوْنَ فِیْهِمَا فَقَالَ مَا هٰذَانِ الْیَوْمَانِ؟ قَالُوْا كُنَّا نَلْعَبُ فِیْهِمَا فِی الْجَاهِلِیَّةِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ قَدْ اَبْدَلَكُمُ اللّٰهُ بِهِمَا خَیْرًا مِنْهُمَا یَوْمَ الْاَضْحٰی وَیَوْمَ الْفِطْرِ (ابوداؤد)

તરજુમો:– હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) મક્કાથી હિજરત ફરમાવી મદીના પધાર્યા તો મદીના વાળાઓ (જેમની ઘણી મોટી સંખ્યા પહેલેથી ઈસ્લામ સ્વીકાર કરી ચુકી હતી) બે તહેવાર ઉજવતા હતા, અને તેમાં રમત ગમત કરતા હતા, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ પુછયુ કે આ બે દિવસ જે તમે ઉજવો છો, તેની શું હકીકત અને શું હૈસિયત છે? (એટલે તમારા આ તહેવારોની શું અસલ અને ઈતિહાસ છે?) તેમણે અરજ કરી કે અમે જાહિલિય્યતમાં (એટલે) ઈસ્લામથી પહેલાં આ તહેવારો એ મુજબ જ ઉજવ્યા કરતા હતા (અને તે જ રિવાજ અત્યાર સુધી ચાલે છે.) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: અલ્લાહ તઆલાએ તમારા આ બે તહેવારોના બદલામાં તેનાથી ઉમદા બે દિવસ તમારા માટે નક્કી કર્યા છે. (હવે તે જ તમારા ધાર્મિક અને સામાજિક તહેવારો છે.) એટલે ઈદુલઅદહા અને ઈદુલફિત્ર. (અબૂ દાઉદ)

ખુલાસો :– પબ્લીક તહેવાર ખરેખર તેમની માન્યતાઓ અને ખ્યાલો અને ઈતિહાસિક રિવાયતની તરજુમાન અને તેમના પબ્લીક મિજાઝનો અરીસો છે. જેથી જણાય છે કે ઈસ્લામથી પહેલા જાહિલિયતના યુગમાં મદીનાવાળા જે તહેવાર ઉજવતા હતા, તે તેમના જાહિલી મિજાઝ અને ખ્યાલો તેમ જાહિલી રિવાયતોનું જ પ્રતિબિંબ હશે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ

બલ્કે હદીષના સાફ શબ્દો પ્રમાણે જાતે અલ્લાહ તઆલાએ તે જુના તહેવારો નાબૂદ કરાવી તેમની જગ્યાએ ઈદુલફિત્ર અને ઈદુલઅદહા બે તહેવારો આ ઉમ્મત માટે નક્કી કર્યા, જે તેના એકતાના મિજાઝ અને જીવનના કાયદા મુજબ તેમ તેની ઐતિહાસિક અને રિવાયતી માન્યતાઓ અને ખ્યાલોનું પ્રતિબિંબ છે. જો મુસલમાનો તેમના એ તહેવારો તે જ ખરી રીતે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સુચના અને શિક્ષણ અનુસાર ઉજવે તો ઈસ્લામની આત્મા અને તેના સંદેશને સમઝવા તેમ સમઝાવવા માટે આ બે તહેવારો જ પૂર્ણ થઈ પડશે.

## બંને ઈદોની નમાઝ અને ખુત્બો વિગેરે

(٢٥٣) عَنْ اَبِىْ سَعِيْدِ الْخُدْرِىؓ قَالَ كَانَ النَّبِىُّ ﷺ يَخْرُجُ يَوْمَ الْفِطْرِ وَالاَضْحٰى اِلَى الْمُصَلّٰى فَاَوَّلُ شَئٍ يَبْدَءُ بِهِ الصَّلٰوةُ ثُمَّ يَنْصَرِفُ مُقَابِلَ النَّاسِ وَالنَّاسُ جُلُوْسٌ عَلٰى صُفُوْفِهِمْ فَيَعِظُهُمْ وَيُوْصِيْهِمْ وَيَاْمُرُهُمْ وَاِنْ كَانَ يُرِيْدُ اَنْ يَّقْطَعَ بَعْثاً قَطَعَهُ اَوْ يَاْمُرِبِشَئٍ اَمَرَبِهِ ثُمَّ يَنْصَرِفُ (رواه البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈદુલફિત્ર અને ઈદુલઅદહાના દિવસે ઈદગાહ પધારતા હતા, સૌ પ્રથમ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) નમાઝ પઢાવતા હતા, પછી નમાઝથી પરવારી લોકો તરફ મોં કરી ખુત્બા માટે ઉભા થતા હતા અને લોકો રિવાજ મુજબ સફોમાં બેસી રહેતા હતા, પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તેમને ખુત્બો તેમ વઅઝ નસીહત કરતા હતા અને હુકમો આપતા હતા. જો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો ઈરાદો કોઈ સૈન્ય અથવા ટુકડી તૈયાર કરી કોઈ દિશામાં મોકલવાનો હોય તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) (ઈદોની નમાઝ અને ખુત્બા પછી) તેને પણ રવાના કરતા હતા. અથવા કોઈ ખાસ ચીઝ વિષે કોઈ હુકમ આપવાનો હોય તો તે જ મોકા ઉપર તે પણ આપતા હતા, પછી (એ બધા અગત્યના કામોથી ફારિગ થઈને) આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈદગાહથી ઘરે પાછા ફરતા હતા.

ખુલાસો :– જેમકે આ હદીષથી જણાયું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ

અલયહી વસલ્લમ)નો કાયમનો અમલ એ હતો કે ઈદોની નમાઝ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) મદીના તૈયબાની વસ્તીથી બહાર તે મેદાનમાં પઢતા હતા જેને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એ કામ માટે પસંદ કર્યુ હતું અને તેને ઈદગાહ બનાવ્યું હતું, તે સમયે તેની આજુ બાજુ કોઈ ભીંત પણ ન હતી, બસ સાફ મેદાન હતું, લોકોએ લખ્યું છે કે મસ્જિદે નબવીથી લગભગ એક હઝાર કદમ દૂર હતું, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઈદની નમાઝ એકવાર વરસાદની લાચારીના કારણે મસ્જિદે નબવી શરીફમાં પણ પઢી છે. જેમકે આગળ હદીષમાં તેનો ઉલ્લેખ આવશે. હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)ની આ હદીષથી પણ જણાય છે કે ઈદના દિવસે નમાઝ અને ખુત્બા પછી ઈદગાહમાંજ કલિમએ હકની બુલંદી માટે મુજાહિદોનું સૈન્ય અને ટુકડીઓ પણ તૈયાર કરવામાં આવતી હતી અને ત્યાંથી જ તેમને રવાના કરવામાં આવતા હતા.

## ***ઈદોની નમાઝ અઝાન અને ઈકામત વગર જ સુન્નત છે***

(٢٥٤) عَنْ جَابِرِ بْنِ سَمُرَةَ ؓ قَالَ صَلَّيْتُ مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ اَلْعِيْدَيْنِ غَيْرَ مَرَّةٍ وَلَا مَرَّتَيْنِ بِغَيْرِ اَذَانٍ وَلَا اِقَامَةٍ۔ (رواه مسلم)

તરજુમો:– હઝરત જાબિર બિન સમૂરહ (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે બંને ઈદોની નમાઝ એક બે વાર નહીં, અનેક વખત પઢી છે, અઝાન અને ઈકામત વગર. એટલે કે ઈદની નમાઝ માટે અઝાન કે ઈકામત કહેવામાં આવતી ન હતી.(મુસ્લિમ શરીફ)

(٢٥٥) عَنْ جَابِرِ ابْنِ عَبْدِ اللّٰهِ ؓ قَالَ شَهِدْتُّ الصَّلٰوةَ مَعَ النَّبِيِّ ﷺ فِي يَوْمِ عِيْدٍ فَبَدَءَ بِالصَّلٰوةِ قَبْلَ الْخُطْبَةِ بِغَيْرِ اَذَانٍ وَلَا اِقَامَةٍ فَلَمَّا قَضَى الصَّلٰوةَ قَامَ مُتَّكِئًا عَلٰى بِلَالٍ فَحَمِدَ اللّٰهَ وَاَثْنٰى عَلَيْهِ وَوَعَظَ النَّاسَ وَذَكَّرَهُمْ وَحَثَّهُمْ عَلٰى طَاعَتِهٖ وَمَضٰى اِلَى النِّسَاءِ وَمَعَهٗ بِلَالٌ فَاَمَرَهُنَّ بِتَقْوَى اللّٰهِ وَوَعَظَهُنَّ وَذَكَّرَهُنَّ۔ (رواه النسائى)

તરજુમો:– હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે હું ઈદના દિવસે નમાઝ માટે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે ઈદગાહમાં હાજર થયો, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ખુત્બા પહેલાં, વગર અઝાન અને ઈકામતે નમાઝ પઢી, પછી જયારે આપ (સલ્લલ્લાહુ

અલયહી વસલ્લમ) નમાઝથી પરવાર્યા તો હઝરત બિલાલ (રદિ.) પર ટેકો લગાવી ખુત્બા માટે ઉભા થયા, પહેલા અલ્લાહની હમ્દો સના કરી, અને લોકોને વઅઝ નસીહત ફરમાવી, અને અલ્લાહની તાબેદારી કરવાની પ્રેરણા આપી, પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સ્ત્રીઓના મજમા તરફ ગયા, હઝરત બિલાલ (રદિ.) આપની સાથે જ હતા, ત્યાં પહોંચી આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ઓરતોને અલ્લાહથી ડરવા અને તકવા વાળુ જીવન જીવવાની નસીહત ફરમાવી અને અન્ય કામો બાબતે વઅઝ નસીહત ફરમાવી. (નસાઈ શરીફ)

ખુલાસો :– હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)ની આ હદીષમાં ઈદના ખુત્બામાં પુરૂષોને સંબોધ્યા પછી સ્ત્રીઓને નવેસરથી સંબોધન ફરમાવવાનો ઉલ્લેખ છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ની એક હદીષ જે સહીહ મુસ્લિમમાં છે. તેનાથી જણાય છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એવું એટલા માટે કર્યુ હતું કે આપના ખ્યાલ મુજબ સ્ત્રીઓ આપનો ખુત્બો સાંભળી શકી ન હતી.

ફાયદો :– રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના મુબારક યુગમાં બંને ઈદોની નમાઝમાં સ્ત્રીઓ પણ વધુ ભાગે ભાગ લેતી હતી, અને તેમના માટે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો એ હુકમ હતો, પરંતુ પાછલા યુગમાં જયારે મુસ્લિમ સમાજમાં બગાડ આવ્યો, તો જેમ ઉમ્મતના આલિમો અને ફુકહાઓએ જુમ્આ અને પાંચ વખતની નમાઝ માટે સ્ત્રીઓએ મસ્જિદોમાં આવવું યોગ્ય ન સમઝયું એ જ મુજબ ઈદની નમાઝ માટે તેમનું ઈદગાહ જવું પણ યોગ્ય ન સમઝયા.

## બંને ઈદોની નમાઝ પહેલાં અને પછી કોઈ નફિલ નમાઝ નથી

(٢٥٦) عَنۡ اِبۡنِ عَبَّاسٍؓ اَنَّ النَّبِیَّ ﷺ صَلّٰی یَوۡمَ الۡفِطۡرِ رَکۡعَتَیۡنِ لَمۡ یُصَلِّ قَبۡلَهُمَا وَلَا بَعۡدَهُمَا۔ (رواه البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઈદુલફિત્રના દિવસે બે રકાત નમાઝ પઢી, અને તેની આગળ તેમ પાછળ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કોઈ નફિલ નમાઝ નહી પઢી. (બુખારી, મુસ્લિમ)

---

# ઇસ્લામ એક ઇલ્હામી નિઝામ

*હઝ. મવ. સય્યિદ અબૂલ હસન અલી નદવી રહ.*

અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદીયહને એક 'ઈજતેમાઈ ઈલ્હામ'ની દોલતથી નવાઝી છે. અને આ ઈલ્હામ કોઈ પણ પ્રકારની ખામી કે વ્યકિતગત ગલતફહમીથી પાક અને મહફૂજ પણ છે.

ઈસ્લામ અને મુસલમાનો સામે જયારે પણ કપરો સમય આવ્યો, બદલાતા સંજોગો અને હાલાતના તકાઝા મુજબ નવી જરૂરત સામે આવી તો આવા ટાણે અલ્લાહ તઆલા પાક સાફ દિલ, દૃઢ સંકલ્પ અને કાર્યશકિત ધરાવતા હોય એવા મુખ્લિસ ઉલમાએ કિરામના મોટા વર્ગના દિલમાં એ જરૂરત અને તકાઝો પૂરા કરવાનો વિચાર નાંખીને એમને તન – મનથી એવી રીતે એ તકાઝામાં લગાવી દે છે કે તે ઉલમા આ કામ બાબતે પોતાને અલ્લાહના દરબારમાં જવાબદાર સમજવા લાગે છે, પછી અલ્લાહ તઆલા તરફથી એમને એ કામમાં આગળ વધવામાં ખુદાઈ મદદ પણ મળવા લાગે છે, જેનાથી એમને કાર્ય પુરું કરવાની વધારે હિમ્મત મળે છે. આ ખુદાઈ વ્યવસ્થાને હું 'ઈજતેમાઈ ઈલ્હામ' અથવા 'સામુહિક માર્ગદર્શન – હિદાયત' કહું છું. ઈસ્લામના ઈતિહાસમાં એના અનેક ઉદાહરણો મળે છે.

કદી ઉમ્મતના અમુક નેક માણસોને ઈલ્હામ કરવામાં આવે છે, જેમ કે અઝાનના કિસ્સામાં હઝરત ઝૈદ રદિ. અને હઝરત ઉમર રદિ.ને ઈલ્હામ કરવામાં આવ્યો. લયતુલ કદ્ર વિશે હઝરત ઈબ્ને ઉમર રદિ.ની રિવાયતમાં છે કે, અમુક સહાબાને રમઝાનની છેલ્લી સાત રાતોમાં હોવાનું બતાવવામાં આવ્યું હતું અને એમણે નબીએ કરીમ સલ્લલાહુ અલયહિ વ સલ્લમને એની રજૂઆત કરી હતી....આવું જ તરાવીહ વિશે પણ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુસલમાનોની આસાની ખાતર પાબંદી ફરમાવી નહીં, પછી હઝરત ઉમર રદિ.એ તરાવીહની જમાઅત શરૂ કરાવી અને અલ્લાહ તઆલાએ મુસલમાનોમાં આ નમાઝ બાજમાઅત પઢવા અને એમાં કુરઆન પઢવાનો શોખ પેદા કરી દીધો, અને આમ આ ઈબાદત પણ હિફાજતે કુરઆનનો ઝરીયો અને રમઝાનની રાતોની ઈબાદતનો ઝરીયો બની ગઈ.

કદી આવો ઈલ્હામ મોટી સંખ્યામાં અનેક મુસલમાનોને કરવામાં આવે છે. એટલી બધી સંખ્યામાં કે એ બધા લોકોનું કોઈ બાબતે એકમત થઈ જવાને શયતાની કામ કે દુશ્મનની ચાલ ન કહી શકાય. પછી એના થકી કોઈ ફિત્નો બંધ થાય છે અથવા દીનનો કોઈ મોટો મકસદ પૂરો થાય છે. જેમ કે કુરઆન શરીફ ભેગું કરવાનો વિચાર, પહેલી અને બીજી સદીમાં હદીસો ભેગી કરવાનો વિચાર, પછી ફિકહમાં મુજતહિદ ફુકહાનો ઈજતિહાદ, વિવિધ ઉલૂમ સંપાદન કરવાનો વિચાર, કુરઆનની કિરાઅત અને અરબીના અન્ય ઉલૂમ સંપાદન કરવાનો વિચાર, મદરસાઓની સ્થાપના, કિતાબો લખવાનો વિચાર... વગેરે બાબતો અલ્લાહ તઆલા તરફથી ઉમ્મતના એક મોટા સમુહ ઉપર કરવામાં આવેલ 'ઈલ્હામ' છે. જેનાથી ઉમ્મતની મોટી જરૂરતો પૂરી થઈ અને ફિત્નાઓ બંધ થયા.

ઈજતેમાઈ ઈલ્હામનું એક ઉદાહરણ ગુમરાહ ફિરકાઓ અને ફિલોસોફીના નામે ઈસ્લામનું ખંડન કરનારા લોકોના જવાબ આપવાના પ્રયત્નો પણ છે. અલ્લાહ તઆલાએ અત્યંત કાબેલ, હોશિયાર અને ઊંચી દિમાગશકિત ધરાવતા મુસલમાન વિદ્વાનોની બધી શકિતઓ જરૂરતના ઝમાનામાં એ તરફ વાળી દીધી અને મુસલમાનોને ફિલોસોફીની ગુમરાહીઓથી બચાવી લીધા. ઈસ્લામી ઈતિહાસના દરેક વળાંકે, જ્ઞાન અને સંસ્કૃતિના દરેક કેન્દ્રમાં અલ્લાહ તઆલા મુસલમાનોની એક મોટી જમાઅતને જવાબદારી સોંપતા આવ્યા છે. આ ઈજતેમાઈ ઈલ્હામ અને નિરંતર ચાલતું માર્ગદર્શન ખત્મે નુબુવ્વતની મોટી દલીલ પણ છે. આગલી ઉમ્મતોમાં આ બાબત જોવા નથી મળતી કારણ કે એમને એની જરૂરત પણ ન હતી, અને નુબુવ્વતનો સિલસિલો જારી હતો.

ઈસ્લામની બીજી ત્રીજી સદી અને પછીની સદીઓમાં તઝકિયહ અને ઈસ્લાહે બાતિનની જે ચળવળ સંપૂર્ણ વિષય અને વિદ્યા બની ગઈ, એમાં નફસ અને શયતાનની ચાલાકીઓની ઓળખ, દિલની અને અખ્લાકની બુરાઈઓનો ઈલાજ, અલ્લાહ સાથે સંબંધ, અને બાતેની નિસ્બત મેળવવાના તરીકાઓ વગેરે જે કંઈ હતું, એ બધું જ તઝકિયહ અને એહસાન સ્વરૂપે નબવી વારસામાં મોજૂદ હતું. પાછળની સદીઓમાં એનું જ નામ 'તસવ્વુફ' પડી ગયું. આ તસવ્વુફ પણ 'ઈજતેમાઈ ઈજતેહાદ'નું એક સુંદર ઉદાહરણ છે. ■

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વંશવાળી.

અબૂલ કાસિમ મુહંમદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ બિન અબ્દે મનાફ બિન કુસય્ય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લૂઅય બિન ગાલિબ બિન ફિહ્‌ર બિન માલિક બિન નઝર બિન કિનાનહ બિન ખુઝય્મહ બિન મુદરિકહ બિન ઈલ્યાસ બિન મુઝર બિન નિઝાર બિન મઅદ્દ બિન અદનાન.

બિન ઉદ બિન ઉદદ બિન મુકવ્વિમ બિન નાહૂર બિન તય્રહ બિન યશ્જૂબ બિન નાબિત બિન ઈસ્માઈલ (અલૈ.) બિન ઈબ્રાહીમ (અલૈ.) બિન તારહ (આઝર) બિન નાહૂર બિન શારૂખ બિન રાઉ બિન ફાલખ બિન આબર બિન શાલખ બિન અરફખ્શદ બિન સામ બિન નૂહ બિન લામક બિન મત્તુશલખ બિન અખ્નૂખ ઈદરીસ (અલૈ.) *(આદમ (અલૈ.)ની અવલાદમાં સૌ પ્રથમ વ્યકિત જેમને નુબુવ્વત ઉપરાંત લેખનકળા અર્પણ કરવામાં આવી.)* બિન યર્દ બિન મહ્‌લયિલ બિન કય્નન બિન યાનશ બિન શીષ બિન આદમ (અલૈ).

અદનાન સુધીની વંશવાળીમાં તો બધા જ વર્ણનકર્તાઓ સહમત છે, પણ ત્યાંથી આગળના અમુક નામોમાં વિવાદ છે, છતાં આ વાતે બધા સહમત છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો વંશવેલો હઝરત ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ (અલૈ.)ને જઈ મળે છે.

ફિહ્‌ર બિન માલિકને 'કુરૈશ'નું ઉપનામ આપવામાં આવ્યું હતું, માટે એમની અવલાદને કુરૈશ કહેવામાં આવે છે, અન્ય ઈતિહાસકારો કહે છે કે, 'નઝર'ની અવલાદ કુરૈશ કહેવાય છે. અન્યોના બીજા મંતવ્યો પણ છે, પણ બીજું મંતવ્ય વધુ યોગ્ય અને પ્રચલિત છે.

*હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનાં વાલિદહની વંશવાળી.*

આમિનહ બિન્તે વહબ બિન અબ્દે મનાફ બિન ઝુહ્‌રહ બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઅય.

અમુક રિવાયતોમાં છે કે એમની વફાત પછી એક વાર જયારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમની કબ્ર પર ગયા તો અલ્લાહ તઆલાએ એમને જીવંત કર્યાં, તેઓએ ઈસ્લામનો એકરાર કર્યો અને પછી અલ્લાહ તઆલાએ એમને પાછા બોલાવી લીધાં. અલબત્ત ઈલ્મે હદીસના વિદ્વાનોના મતે આ હદીસ ઝઈફ છે.

• • • • • •

# શરઈ આધાર વગર કોઈ મુસલમાનને કાફિર કે ફાસિક કહેવાનો ગુનો

*હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ ● મુફ્તી ફરીદ અહમદ કાવી*

કોઈ શરઈ દલીલ વગર એક મુસલમાનને કાફિર કહેવું કેટલો મોટો ગુનો છે, એ સ્પષ્ટ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : ઈમાનની બુનિયાદ ત્રણ વસ્તુઓ ઉપર છે. એમાંથી એક આ પણ છે કે કોઈ કલિમહ પઢનાર (મુસ્લિમ)ને ફકત એના ગુનાહોના કારણે કાફિર ન ઠેરવવામાં આવે. (મિશ્કાત શરીફ)

બીજી હદીસમાં છે કે જે માણસ કોઈ એવી વ્યકિતને કાફિર ઠેરવે, જે કાફિર ન હતી, તો આ શબ્દો એના કહેનાર ઉપર આવી પડે છે.

એક હદીસમાં છે કે જે માણસ કોઈને કાફિર કહીને કે અલ્લાહનો દુશ્મન કહીને પુકારે અને તે એવો ન હોય તો આ શબ્દો કહેનાર તરફ પરત ફરે છે.

એટલે કે આવા શબ્દો કહેવા અને આરોપ લગાવવાનો ગુનો એના ઉપર આવે છે. અમુક લોકો ઘણીવાર ગુસ્સામાં આવું કહી દે છે કે ફલાણા માણસની કદી માફી નથી થઈ શકતી, એની બખ્શિશ નહીં થાય, જે મોટી ભૂલ છે. અને મને અફસોસ છે કે મેં આવા શબ્દો અહલે ઈલ્મના મોઢે પણ સાંભળ્યા છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : એક માણસે જયારે એમ કહયું કે અલ્લાહ તઆલા ફલાણા માણસની કદી બખ્શિશ નહીં કરે તો તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : આ કોઈ છે ? જે મારા વિશે કસમ ખાય છે કે હું ફલાણા માણસને બખ્શિશ નહીં કરું ? જાઓ મેં એની મગફિરત કરી દીધી. અને એ કસમ ખાનાર વ્યકિતને કહયું કે મેં તારા આમાલને બેકાર કરી દીધા.

એક બીજી હદીસમાં છે કે બની ઈસરાઈલમાં બે માણસો હતા, એક મોટો ઈબાદતગુઝાર અને બીજો ગુનેગાર. ઈબાદતગુઝાર માણસ હમેંશા ગુનેગારને ગુનાહો ન કરવા માટે નસીહત અને ટકોર કરતો રહેતો હતો પણ ગુનેગાર એની આદત છોડતો ન હતો. એક દિવસ એને કોઈ ગુનામાં પ્રવૃત જોયો તો કહેવા લાગ્યો કે, ખુદાના સમ ! અલ્લાહ તઆલા પાસે તારી બિલ્કુલ મગફિરત નહીં થાય. આ માણસો બન્ને મરી ગયા પછી અલ્લાહ તઆલાના દરબારમાં પહોંચ્યા, ઈબાદતગુઝાર માણસને અલ્લાહ તઆલાએ કહયું કે, તારા અંદર મારી બખ્શિશ અને નવાઝિશ રોકવાની શકિત હતી કેં તેં આવી કસમ ખાધી ? પછી ગુનેગારને કહેવામાં આવ્યું કે, તું મારી રહમતના પ્રતાપે જન્નતમાં દાખલ થઈ જા, અને ઈબાદત ગુઝાર વિશે કહેવામાં આવ્યું કે એને જહન્નમમાં મોકલી દેવામાં આવે. હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે ઈબાદત ગુઝારે ફકત એક ખોટો વાકયના કારણે પોતાની દીન – દુન્યાને બરબાદ કરી દીધી. (જમ્ઉલ ફવાઈદ)

ખુલાસો આ કે ગુસ્સામાં આવા શબ્દો બોલી જવા ખોટી બહાદુરી છે. એનાથી વધારે મોટો ગુનો આ છે કે દીની અને ઈસ્લામી વિષયો બાબતે પણ આવા શબ્દો બોલવામાં આવે છે, જેમ કે, જન્નતના ઘણા દરવાજાઓ છે, મોલ્વીઓએ જન્નતને આસાન કરી દીધી છે કે નમાઝો પઢો, રોઝા રાખો અને જન્નત મેળવી લ્યો. આવા ફકરાઓ અને ટોણાઓ લોકોના ભાષણોમાં જોર – શોરથી બોલવામાં આવે છે. હાલાંકે જન્નતના એકથી વધારે દરવાજા હોવાનો કોઈને ઈન્કાર નથી, આઠ દરવાઝા હોવાનું તો ઘણી બધી રિવાયતોમાં પણ વર્ણવવામાં આવ્યું છે. અમુક હદીસોમાં એનાથી વધારે દરવાઝા હોવાનું પણ પુરવાર થાય છે. જેમ કે નમાઝનો અલગ દરવાઝો છે. રોઝાનો વધારે શોખ રાખનાર લોકો માટે અલાયદો દરવાઝો છે. તવક્કુલ રાખનાર લોકોનો દરવાજો અલગ હશે. ચાશ્તની નમાઝની પાબંદી કરનાર લોકોનો વિશેષ દરવાઝો હશે. તોબાનો દરવાજો અલગ અને અલ્લાહની રઝામંદી ઉપર રાઝી રહેનાર લોકોનો દરવાઝો

અલગ. બલકે એક હદીસમાં છે કે શરીઅતના દરેક અલમ ઉપર અમલ કરવામાં વિશેષ પાબંદી કરનારનો અલગ અલગ દરવાઝો હશે.

માટે આ કોઈ ટોણો મારવા કે ટીકા કરવાની બાબત નથી. દીનના અન્ય કામોની જેમ જિહાદ પણ એક દીની કામ છે. બલકે અલ્લામા શામી રહ.એ લખ્યું છે કે ફરજ નમાઝો સમયસર અદા કરવી જિહાદથી અફઝલ કામ છે, અને તે એટલા માટે કે જિહાદની ફઝીલત નમાઝ કાયમ કરવા માટે છે, અને નમાઝની ઈબાદત અસલી મકસદ અને લક્ષ્ય છે.

માટે એમાં (જિહાદ) કોતાહી કરનાર માણસોના નમાઝ – રોઝાને બેકાર કહેવું કે એમની ટીકા કરવી, પોતાની હદથી આગળ વધવું છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં એક માણસ જિહાદમાં જવા માટે આવ્યા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમારા વાલિદૈન જીવંત છે, એમણે કહયું કે, હા. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, ઘરે પાછા જાઓ અને સારી રીતે એમની સેવા ચાકરી કરો. (મિશ્કાત શરીફ)

એક હદીસ શરીફમાં છે, એક સહાબી આવ્યા અને અરજ કરી કે યા રસૂલલ્લાહ ! ફલાણા ગઝવહમાં મારું નામ લખવામાં આવ્યું છે, અને મારી બીવી હજમાં જઈ રહી છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જાઓ, બીવી સાથે હજ કરો. (મિશ્કાત શરીફ)

એક હદીસમાં છે, એ સહાબી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હાજર થયા, અને અરજ કરી કે જિહાદમાં જવાના ઈરાદે હાજર થયો છું, અને તમારાથી મશ્વેરો કરવા ચાહું છું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને પૂછયું કે, તમારી વાલિદહ જીવંત છે ? એમને કહયું કે હા જીવંત છે. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : એમની સાથે રહો, એમના કદમોમાં જ જન્નત છે. (મિશ્કાત)

એક ગામડિયો વ્યકિત આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હાજર થયો અને હિજરત વિશે કંઈ પૂછયું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હિજરતનો મામલો અઘરો છે. તમારી

પાસે અમુક ઊંટો છે ? એમણે કહયું કે, હા છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું : એની ઝકાત અદા કરો છો ? એમણે કહયું કે હા, ઝકાત આપું છું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, બસ છે, કયાંક સમંદર પાર પોતાના આમાલમાં મશ્ગૂલ રહો. અલ્લાહ તઆલા તમારા સવાબમાં કોઈ કમી નહીં કરે. (અબૂદાવૂદ)

આ પ્રકારની સેંકડો હદીસો છે, જેમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અસલી જિહાદ – લડાઈના મુકાબલામાં અન્ય નેક આમાલને વધારે સારા ગણાવ્યા હોય. એટલે મહેનતના જે કામો ફકત જિહાદના અર્થમાં ગણાતા હોય એના કરતાં એ આમાલ જરૂર વધારે સારા ગણાય. હા, અમુક સમયે તાતી જરૂરતના કારણે એવું પણ થયું છે કે જિહાદનું મહત્વ અન્ય બીજા તમારા આમાલ કરતાં વધારે બની ગયું હતું. જેમ કે ગઝવએ ખંદક વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે પણ એટલા બધા મશ્ગૂલ થઈ ગયા હતા કે એક અથવા વધારે નમાઝો કઝા થઈ ગઈ. બહર હાલ આ કાયદો તો નથી જ કે જિહાદ વગર કોઈ બીજો અમલ મોતબર જ ન હોય, વિશેષ કરીને જયારે જિહાદ બાબતે કોઈ માણસને મજબૂરી હોય તો પછી તો એના આમાલ વિશે તો આ કાયદો લાગુ જ નહિ થાય.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક વાર કયાંક ગઝવહમાં જઈ રહયા હતા. રસ્તામાં ફરમાવ્યું :

તમે લોકો મદીના શરીફમાં તમારા પાછળ ઘણા જે લોકોને છોડીને આવ્યા છો, તેઓ તમે જેટલો રસ્તો ચાલ્યા છે, જેટલો ખર્ચ કર્યો છે એ બધા સવાબમાં તેઓ તમારા ભાગીદાર છે. સહાબા રદિ.એ નવાઈથી પૂછયું : તેઓ કેવી રીતે ભાગીદાર હોય શકે ? તેઓ તો પોતાના ઘરોમાં જ મોજૂદ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : એટલા માટે કે તેઓ કોઈ મજબૂરીના કારણે શરીક નથી થયા. (અબૂ દાવૂદ)

આ વિષયની પણ ઘણી બધી હદીસો કિતાબોમાં મોજૂદ છે.

એક હદીસમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

જે માણસ બીમાર પડી જાય કે સફરમાં હોય અને એના કારણે પોતાના મામૂલ (રોઝના આદત મુજબના નેક આમાલ) પૂરા ન કરી શકે તો પણ એને એટલો જ સવાબ મળશે જેટલો તેને સામાન્ય દિવસોમાં મળતો હતો. (મિશ્કાત શરીફ)

એક હદીસમાં છે : બીમાર પડનાર માણસ જો પહેલાંથી કોઈ નેક અમલની આદત ધરાવતો હોય તો નેક આમાલ લખનાર ફરિશ્તાને કહેવામાં આવે છે કે આ માણસ જે નેક આમાલ કરતો રહેતો હતો એનો સવાબ એના માટે લખવામાં આવે, (ભલે બીમારીના દિવસોમાં તે અમલ ન કરી શકે.)

એક હદીસમાં છે કે જયાં કોઈ નાજાઇઝ કામ કરવામાં આવે, અને ત્યાં કોઈ માણસ એવો શરીક હોય જે આ કામને પસંદ ન કરતો હોય, મજબૂરીના કારણે ત્યાં મોજૂદ છે, તો એનો હુકમ એવો જ છે જાણે તે ગુનામાં શરીક નથી. અને કોઈ માણસ ત્યાં મોજૂદ નથી, છતાં આ કામને પસંદ કરે તો એનો હુકમ એવો જ છે જાણે તે એ કામમાં શરીક હોય. (મિશ્કાત શરીફ)

એક હદીસ આગળ આવી રહી છે, જેમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું છે : જે માણસ એના નાના બાળકોની મદદ નીકળ્યો હોય એ પણ અલ્લાહના રસ્તામાં છે, અને જે માણસ એના વૃદ્ધ માં બાપની મદદ માટે નીકળ્યો હોય એ પણ અલ્લાહના રસ્તામાં છે.

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત અબ્દુલ્લાહ બિન ષાબિત રદિ.ની ઈયાદત માટે તશરીફ લઈ ગયા. ત્યાં જઈને જોયું કે તેઓ ચુપચાપ પડેલા છે. અવાઝ આપી છતાં તેઓએ કોઈ જવાબ ન આપ્યો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજેઉન પઢયું અને ફરમાવ્યું અમે તમારા બાબતે હારી ગયા. એટલે કે તકદીર મુજબ તમારી મોત થઈ ગઈ) ઘરની સ્ત્રીઓ આ સાંભળીને સમજી ગઈ કે એમની વફાત થઈ ગઈ એટલે તેઓ પણ રડવા લાગી. એમની બેટી આ વેળા અફસોસ કરતાં કહેવા લાગી કે મને તો

આશા હતી કે તમે શહીદ થઈને મરશો, જિહાદનો સામાન પણ તૈયાર કરી રાખ્યો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને દિલાસો આપતાં ફરમાવ્યું કે, એમને નિયત મુજબ સવાબ મળી ગયો. અને તમે કેવી મોતને શહાદત સમજો છો ? એમણે અરજ કરી કે અલ્લાહના રસ્તામાં કત્લ થવાને શહાદત સમજું છું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કત્લ વગર બીજા સાત પ્રકારો શહાદતના છે. જે માણસ તાઉન (પ્લેગ)ની બીમારીમાં મરે એ પણ શહીદ છે. જે પાણીમાં ડૂબી જવાથી મરે એ પણ શહીદ છે. જે માણસ ન્યુમોનિયામાં સપડાયને મરી જાય એ પણ શહીદ છે. જે પેટની બીમારી (જેમ કે ઝાડા, જલંધર)માં મરે એ પણ શહીદ છે. જે આગમાં સળગીને મરે એ પણ શહીદ છે. જે કોઈ છત કે દીવાર નીચે દબાય જવાથી મરે એ પણ શહીદ છે અને ઓરત બાળકની પેદાઈશ વેળા મરે તો એ પણ શહીદ છે. (મુઅત્તા માલિક)

એક હદીસમાં છે કે જયારે એમની બેટીએ અરજ કરી કે શહીદ હોવાનો મતલબ તો અલ્લાહના રસ્તામાં મરવાનો છે, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, તો પછી મારી ઉમ્મતમાં શહીદો ઘણા જ ઓછો હશે, અને પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે શહાદતની અન્ય પ્રકારો વર્ણવ્યા. આ ઉપરાંત સાંઈઠ પ્રકારની મોત એવી છે જેમાં મરનારને શહાદતનો દરજો મળવાની ખુશખબરી હદીસ શરીફમાં આવી છે. આ બધા પ્રકારો અવજઝુલ મસાલિકના બીજા ભાગમાં મેં ભેગા કર્યા છે.

તાજુબ છે કે... અલ્લાહ તઆલા અને અલ્લાહના રસૂલ તો ઉમ્મતે મુહમ્મદિયહની ફઝીલતો અને એની ખૂબીઓને વધારવાના અસબાબ આપી રહયા છે અને ઉમ્મત પોતે અલ્લાહની રહમતને તંગ – સાંકડી કરવાના પ્રયત્નો કરે, વિવિધ પ્રકારની દીની પ્રવૃતિમાં મશ્ગૂલ માણસ, તાલીમ હોય, તબ્લીગ હોય, જિહાદ હોય, સુલૂક હોય, પોતાના કામ સિવાય બીજા બધા કામોને બેકાર, સમયની બરબાદી અને નિડર બનીને ગુમરાહી કહેવા માંડયો છે !

# ઇસ્લામની સર્વગ્રાહિતા - વિવધતા અને વર્ગીકરણ

અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફત એક એવા દીન અને ધર્મનું આપણને માર્ગદર્શન આપ્યું છે, જેમાં માનવીય જીવનને આવશ્યક દરેક બાબતને આવરી લેવામાં આવી છે. બલકે દુનિયા અને આખિરતની બાબતોને પણ આવરી લેવામાં આવી છે. અલ્લાહ તઆલા સર્વગુણ સંપન્ન છે. બધું જ જાણનાર અને જોનાર છે. માનવી અને સમગ્ર સૃષ્ટિના સર્જનહાર છે. એટલે માણસના સ્વભાવથી વાકેફ અને માનવીની જરૂરતોથી વાકેફ જ હોય એ નક્કી છે. માટે માણસને પોતાના દીન એટલે કે દીને ઈસ્લામને અનુસરવાનો આદેશ આપ્યો તો એવી રીતે કે એ દીનમાં જ માણસની જરૂરતોને પણ આવરી લીધી. અને એવો દીન અને ધર્મ આપ્યો છે કે માણસ પોતાની દુન્યવી જરૂરતો પૂરી કરે તો પણ એ રૂહાનિયતની ગરજ સારે અને દીની કે રૂહાની કામ કરે તો એનાથી પણ એની ભૌતિક જરૂરતો પૂરી થઈ જાય.

સમાજ અને સંસ્કૃતિ, સંસ્કાર અને સભ્યતા, રાજકરણ અને અર્થવ્યવસ્થા, દરેક વિષયથી સંબંધિત વ્યકિતગત અને સામુહિક, પ્રાદેશિક અને વૈશ્વિક, દરેક પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જરૂરી આદર્શો અને આદેશો પણ એવા આપ્યા છે કે બદલાતા સમયમાં પણ અમલપાત્ર અને ઉપયોગી જ રહે છે. સમયના બદલાતા વહેણ સાથે પણ ધર્મનું અનુસરણ સરળ જ રહે છે. અર્થાત સઘળી જરૂરતો પૂરી કરીને પછી આદેશ આપવામાં આવ્યો છે કે, આ એક સંપૂર્ણ દીન – ધર્મ છે, અલ્લાહને ત્યાં ફકત આ જ દીન સ્વીકાર્ય છે માટે એને જ અનુસરો અને શયતાન તમારો શત્રુ છે. એના રસ્તે ન ચાલશો.

બધી જ રીતે સંપૂર્ણ અને સર્વગ્રાહી હોવાના કારણે જ અલ્લાહ તઆલાએ દુનિયાના દરેક માણસ માટે અને બધા જ દેશો – પ્રદેશો માટે, ફકત ઈસ્લામ ધર્મના અનુસરણને આવશ્યક ઠરાવ્યું છે. કુરઆનમાં આ બાબત સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવી છે; સૂરએ આલિ ઈમ્રાનમાં છે : જે કોઈ ઈસ્લામ સિવાય

બીજો કોઈ ધર્મ શોધશે કે અપનાવશે, એ સ્વીકારવામાં આવશે નહીં. અને આખિરતમાં એ માણસ નુકસાનમાં રહેશે. (૮૫)

સૂરએ સબામાં અલ્લાહ તઆલા ફરમાવે છે : હે નબી ! અમે તમને બધા જ લોકો માટે ખુશખબરી આપનાર અને ડરાવનાર (પયગંબર) તરીકે મોકલ્યા છે. (૨૮)

કુરઆન અને હદીસમાં ઈસ્લામની જે કંઈ તાલીમ આવી છે, એ મુખ્યત્વે ચાર વિભાગોમાં વહેંચાયેલી છે.

(૧) અકાઈદ. એટલે કે બુનિયાદી માન્યતાઓ. જે દિલથી માનવી અને સ્વીકારવી જરૂરી છે.

(૨) ઈબાદાત. એટલે કે અલ્લાહની ઈબાદત માટે માણસ ઉપર જરૂરી ઠેરવવામાં આવેલા કામો.

(૩) મુઆમલાત. એટલે કે લેન – દેન, વેપાર – વહેવારને લગતા સોદાઓ અને કરારો વિશેના ઈસ્લામી આદેશો.

(૪) અખ્લાક. એટલે કે માણસના દિલ અને બાતિનને લગતી ખૂબીઓ અને બુરાઈઓ વિશેના હુકમો. જેમ કે સબ્ર – શુક્ર, તવક્કુલ, સખાવત, દરેક માણસ સાથે નમ્રતા વર્તવી. દરેક કામમાં ઈખ્લાસ રાખવો. અલ્લાહ તઆલાની તકદીર ઉપર રાજી રહેવું. વગેરે સારા અખ્લાક કહેવાય છે અને એને અપનાવવા જરૂરી છે. આ જ પ્રમાણે અભિમાન, હસદ, બુઝદિલી, કંજૂસાઈ, લાલચ, કીનો – કપટ, અદાવત, નફરત વગેરે બુરા અખ્લાક કહેવાય છે. જેનાથી બચવું અને દિલને આ બધી બુરાઈઓથી પાક રાખવું જરૂરી છે.

કુરઆન અને હદીસમાં તો આ બધું એક સર્વગ્રાહી 'દીન' તરીકે જ વર્ણવવામાં આવ્યું છે. અલબત્ત ત્યાર પછી મુસ્લિમ વિદ્વાનોએ સમજવા અને સમજાવવા ખાતર દીનના આદેશોને ઉપર મુજબ ચાર ભાગોમાં વહેંચ્યા છે. ઘણા વિદ્વાનોએ પેટા ભાગો પાડીને વધારે સારી રીતે દીનના આદેશોને વર્ગીકૃત કરીને પણ સમજાવ્યા છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતના મકસદ તરીકે પણ અલ્લાહ તઆલાએ આ બાબતોનું વર્ણન ફરમાવ્યું છે.

સૂરએ જુમ્અહમાં છે : અલ્લાહ તઆલાએ અજ્ઞાન લોકોને જ્ઞાન –

કેળવણી આપવા માટે એમના માંહેથી જ એક વ્યકિતને રસૂલ બનાવ્યા છે. જે એમની સામે અલ્લાહના આદેશો વર્ણવે છે. એમના દિલને સાફ કરે છે, એમને 'કિતાબ' અને હિકમતની તાલીમ આપે છે. આ લોકો અત્યાર સુધી ખુલ્લી રીતે રાહ ભટકેલ હતા. (સૂરએ જુમ્અહ : ૨)

ઉપરોકત આયતમાં અલ્લાહ તઆલાએ જે બાબતોને નુબુવ્વતના મકસદોમાં ગણાવી છે, એમાં લોકોને અલ્લાહના આદેશો બતાવવા, લોકોને કુરઆનની તાલીમની અને ત્રીજી બાબત 'દિલોને સાફ કરવાની' બાબત ઘણી મહત્વની છે. ઈસ્લામમાં દિલની સફાઈ અને અંતરની પવિત્રતાનું વિશેષ સ્થાન છે.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી રહ. ફરમાવે છે કે, આ બાબત એટલે કે ઈખ્લાસ અને દિલની પવિત્રતા શરીઅતના ત્રણેવ મકસદોમાં સૌથી બારીક અને મહત્વની બાબત છે. શરીઅતમાં એનું સ્થાન શરીરના પ્રાણ જેવું છે. સૂફિયાએ કિરામ રહ. આ જ મકસદની તાલીમ આપે છે. (તફહીમાત)

અકાઈદ અને ઈબાદાતમાં માણસ સીધી રીતે અલ્લાહ તઆલા સાથે સંબંધ જોડે છે, અને મુઆમલાતમાં લોકો સાથે માણસનો વહેવાર અને સંબંધ રહે છે. વાલિદૈન, સગાઓ, પાડોશીઓ, દોસ્તો અને પોતીકા કે પરાયા, બધા જ પ્રકારના લોકો સાથે વહેવાર રહે છે.

આ બધી જ બાબતોમાં એટલે કે અલ્લાહ તઆલા સાથેના સંબંધોમાં અને માણસો સાથેના સંબંધોમાં, માણસના દિલની સફાઈ ઘણી જ જરૂરી છે. જેમ કે અલ્લાહ તઆલાની ઈબાદતમાં ઈખ્લાસ હોય, એ જરૂરી છે. લોકો પ્રત્યે એનું દિલ સાફ હોય એ પણ જરૂરી છે. ઈખ્લાસ વગર કે દિલમાં લોકો પ્રત્યે નફરત કે અદાવત હોય તો એ નમાઝ માણસને ફાયદો નથી કરતી. પરસ્પરના સંબંધો અને વહેવારમાં પણ અખ્લાક અને સંસ્કારનું ઘણું મહત્વ છે. વહેવારમાં અન્યો સાથે માણસ સદવર્તન દાખવે એ પણ જરૂરી છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : સારા અખ્લાક ધરાવનાર માણસ જ લોકોમાં શ્રેષ્ઠ માણસ છે. એક હદીસમાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે : હું સારા અખ્લાકની તાલીમને પરિપૂર્ણ કરવા માટે જ નબી બનાવવામાં આવ્યો છું.

ખુલાસો આ છે કે 'દીને ઈસ્લામ' દ્વારા માણસને દર્શાવવામાં આવેલ આદેશો અને આદર્શો અનેક પ્રકારના છે અને એ માણસની જીંદગીના દરેક પાસાને આવરી લે છે અને આ આદેશોમાં સંસ્કાર, અખ્લાક અને દિલની સફાઈનું ઘણું મહત્વ છે. એટલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જેમ ઈબાદત અને મુઆમલાતની બાબતોમાં લોકોમાં બધાં કરતાં આગળ અને નમૂનારૂપ હતા, એ જ પ્રમાણે અખ્લાકમાં પણ લોકોમાં સર્વશ્રેષ્ઠ હતા. કુરઆનમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, હે નબી ! તમે ઘણા મહાન અખ્લાક ધરાવનાર હસ્તી છો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ખુલફાએ રાશિદીન પછી ઈસ્લામ વિશ્વભરમાં ફેલાય રહયો હતો, ત્યારે ફકત એક જ વ્યકિત દ્વારા ઈસ્લામને લગતી સઘળી બાબતોની તાલીમ આખા વિશ્વના મુસલમાનોને આપી શકાય એ શકય ન રહયું. એટલે દીન અને ઈસ્લામને લગતા વિવિધ વિષયોના કાબેલ ઉલમા દ્વારા તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી.

અુમક બુઝુર્ગોએ કુરઆન અને ઈસ્લામની બુનિયાદી તાલીમ આપવાનું શરૂ કર્યું,

અમુક વિદ્વાનોએ ઈબાદાત અને મુઆમલાતના મસાઈલ શીખવાડવાનું શરૂ કર્યું

અને અમુક બુઝુર્ગોએ લોકોને દિલોની ખરાબીઓ – બુરાઈઓ પ્રત્યે સજાગ કરીને દિલોમાં અખ્લાક અને અલ્લાહની મુહબ્બત પેદા કરવા ઉપર ધ્યાન આપવાનું શરૂ ફરમાવ્યું.

ઈસ્લામની તાલીમ અને શિક્ષણના આ ત્રણ બુનિયાદી વિભાગો છે.

- બુનિયાદી બાબતોની જાણકારીને 'અકાઈદ' કહેવામાં આવે છે.
- ઈબાદાત અને મુઆમલાતના મસાઈલને 'ફિકહ' કહેવામાં આવે છે
- અને દિલોની સફાઈને લગતી બાબતોને 'તઝકિયહ' અને 'તસવ્વુફ' કહેવામાં આવે છે.

---

# ત્રણ માણસો જેના ઉપર જન્નત હરામ છે.

● અ. મજીદ કોઠી

અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે : ત્રણ માણસો એવા છે જેમની બાજુ અલ્લાહ તઆલા કિયામતના દિવસે નજર પણ નહી કરે.

(૧) માતા–પિતાનો ના ફરમાન. (૨) તે સ્ત્રી જે પુરુષોનની મુશાબહત (અનુકરણ) કરતી હોય. (અને) (૩) દય્યુસ. (નસઈ શરીફ)

***માતા –પિતાનો ના ફરમાન***

માઁ બાળકને નવ મહીના સુધી પોતાના પેટમાં ઉઠાવી ઉઠાવીને ફરે છે. જાત જાતની અસહય મુસીબતો સહન કરે છે. ત્યાર પછી બાળકના જન્મ (એટલે કે પ્રસુતિ) સમયે જીવન અને મૃત્ય દરમિયાન હિંચકા ખાય છે. ત્યાર પછી ૨ વર્ષ સુધી તેને છાતીએ લગાડી દૂધ પિવડાવે છે. ઠંડીની ઋતુમાં બાળકને સુકામાં અને જાતે ભિનામાં સુવે છે. અને પ્રેમભાવમાં ડૂબી તેની નાપાકી પણ સાફ કરે છે અને બાળકની દરેક મુશીબતોને પોતાના માથે લઈ ખુશી જાહેર કરે છે. અને ત્યાર પછી સંપૂર્ણ પ્રેમ અને કાળજી પૂર્વક તેનો ઉછેર કરે છે. પિતા પણ આ સૌ કામોમાં માતાને સહકાર આપે છે. અને માતા – પિતા તેમની બધી શકિતઓ, દુઃખો અને પ્રેમ બાળક પર લૂટાવતા રહયા. હવે આ જ બાળક જયારે મોટું થઈ મા–બાપની નાફરમાની કરે છે અને તેમની બેઈઝઝતી કરે છે. તો આવા બદબખ્ત તરફ અલ્લાહ તઆલા રહેમ અને કૃપાની નજરે નથી જોતા.

***એવી સ્ત્રી જે પુરુષોનુ અનુકરણ કરે***

એવી ઓરત પર જે પુરુષોની મુશાબહત (નકલ) કરે અને એવા પુરુષો જે સ્ત્રીઓની નકલ કરે તેમના ઉપર અલ્લાહ તઆલા અને તેના રસૂલ (સલ.)ના તરફથી લાનત ફરમાવવામાં આવી છે, તેમના આ કૃત્યથી ખુદાઈ ફેસલાનો વિરોધ જાહેર થાય છે અને તે પોતાના નીચ અને તુચ્છ અમલ વડે એ વાતને જાહેર કરે છે કે તે અમારા વિશે સ્ત્રી કે પુરુષ બનાવવાનો નિર્ણય કર્યો તે ખોટો હતો, તેને માનવાનો હું ઈન્કાર કરું છું. (નઉઝુબિલ્લાહ)

***દય્યુસ***

દય્યુસ એટલે જે માણસ ઘરમાં પોતાની પત્નિ, બાળકોને ગુનાહિત કૃત્યો

કરતા જુએ અને તેની કોઈ પરવા ન કરે બલકે જાતે પણ તેમા શામેલ થઈ જાય, આવા માણસને દય્યુસ કહેવાય છે. આ રોગ આજે સમાજમાં બિલકુલ જાહેર છે. બલકે ફેશન બની ચુકી છે કે માણસ પોતાની જીવનસાથી (પત્ની)ને પોતાની સાથે લઈ જઈ રહયો હોય છે અને પત્ની લાલી – મેકઅપ સાથે બેપર્દગીમાં હોય છે. દિકરીઓ પણ સાથે હોય છે અને તેમની પણ આ જ હાલત હોય છે. લોકો તેમને જોઈ રહયા છે અને માણસ પોતાની ફેમેલીની ખુબસુરતી અને સુંદરતા લોકોને દેખાડી રાજી થાય છે. આવી વિચારધારા ધરાવનાર માણસને દય્યુસ કહેવાય છે.

એ જ રીતે ટી વી – મોબાઈલ કે ઘરના બધા જ સભ્યો સાથે બેસીને નિર્લજ્જ દ્રશ્યો કોઈ પણ જાતની શરમ કે લજ્જા વિના જુએ છે. એ રીતે બીજી બાબતો કે જેમાં એક પિતા પોતાના પરિવારજનોને શરીઅત વિરોધી કૃત્યો કરતા જુએ છે તો પણ તેને અટકાવવાના પ્રયાસો શુધ્ધા નથી કરતા.

આવા લોકો બાબતે અલ્લાહના રસૂલ (સલ.)નો ઈર્શાદ છે :

શરાબી તરફ પણ અલ્લાહ તઆલા જોશે નહીં, કેમકે શરાબી જાતે શરાબ પીધા પછી સામાન્ય રીતે દય્યુસ જ બની જાય છે અને અમુક વખતે તો તેને મહરમ સંબંધીઓનો પણ ખ્યાલ રહેતો નથી, તે શારાબ (દારૂ)ના નશામાં ન કરવા જેવું કરી બેસે છે. અલ્લાહ તઆલા દય્યુસ માણસથી ઉમ્મતની હિફાઝત ફરમાવે . (આમીન)

આજ કાલ આ ત્રણે ગુનાહોનું પ્રમાણ વધી રહયું છે બલકે એટલી હદે વધી ગયું છે કે તેને લોકો ગુનાહ પણ નથી સમજતા. જયાં જુઓ ત્યાં મા–બાપની ના ફરમાની ! બજારોમાં જાહેરમાં આપણી યુવાન દિકરીઓ જાત જાતના શરીઅત વિરૂધ્ધ કપડાં પહેરી હરેફરે છે. તેમને કોઈ કહેનાર નથી. મા – બાપ પોતાના દિકરા – દિકરીઓ ફિલ્મી ગીતો સાંભળે છે, મોબાઈલ પર નિર્લજ્જ દ્રશ્યો જુએ છે, અને મોબઈલ દ્વારા અનેક નાજાઈઝ કૃત્યો કરે છે. પરંતુ આ બાબતે માતા – પિતા બિલકુલ મૌન છે બલકે આ વસ્તુઓને બાળકોની પ્રગતિ અને હોશિયારી સમજવામાં આવે છે. અલ્લાહના વાસ્તે નબી (સલ.)નું ફરમાન સામે રાખો અને પોતાના સંતાનો તેમ પરિવારજનોને આ કૃત્યોથી અટકાવવાના પ્રયાસો કરો. (અલ્લાહ તઆલા દરેકને લખ્યા કરતા વધુ સમજી અમલની તૌફીક આપે.)

---

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## વકફ કબ્રસ્તાનમાં દફનક્રિયા અને મુતવલ્લીના નિયમો

સવાલઃ (૧): મુસ્લિમ પટેલ સમાજનું એક કબ્રસ્તાન છે, આ કબ્રસ્તાન ઉઘરાણા દ્વારા વિકસાવી, તેનું વકફ પેટે રજીસ્ટ્રેશન કરાવેલ છે, અને તેમાં વર્ષોથી દફનક્રિયા ચાલુ છે, તો શું મઝકૂર કબ્રસ્તાનને સોસાયટી અને ઈલાકાના ખાસ લોકો સિવાય અન્ય મુસ્લિમ પટેલ સમાજના લોકોની દફનક્રિયા માટે ઉપયોગમાં લઈ શકાય કે નહીં ?

સવાલઃ (૨): કબ્રસ્તાનથી નઝદીકમાં આવેલ સોસાયટી કે જયાં રહેતા લોકો માટે જ કબ્રસ્તાનને સમજવામાં આવે છે તો શું પાછળથી મઝકૂર સોસાયટીમાં નવા આવેલ માણસથી દફનક્રિયા માટે નક્કી ફીસ – ફાળો ફરજિયાત ધોરણે લેવો જાઈઝ છે ?

સવાલ(૩) : કબ્રસ્તાન માટે જે વ્યકિતઓએ માલ આપી ખિદમત કરેલી છે તે જ વ્યકિત મુતવલ્લી બનવાનો અધિકાર અને હક ધરાવે છે કે અન્ય વ્યકિતને પણ અધિકાર રહે છે ?

જવાબઃ– (૧) حامدًا و مصليًا ومسلمًا

સવાલમાં મઝકૂર કબ્રસ્તાનની હૈસીયત વકફની છે, અને તેને લોકો પાસેથી કબ્રસ્તાન હેતુથી કરવામાં આવેલ ઉઘરાણાં દ્વારા ખરીદ કરી, જે તે કમીટી દ્વારા વકફ કરવામાં આવેલ છે, જો મઝકૂર કબ્રસ્તાન માટેનું ઉઘરાણું ફકત ખાસ લોકોની દફનવિધિ અર્થે કબ્રસ્તાન વિકસિત કરવા માટે હતું, તો જે ખાસ લોકો, ખાસ મહોલ્લાના સભ્યોની દફનવિધિ અર્થે ઉઘરાણું કરવામાં આવ્યું હતું, તે લોકોની દફનક્રિયા અર્થે જ કબ્રસ્તાનનો ઉપયોગ કરવામાં આવશે.

અને જો મઝકૂર ઉઘરાણું – ચંદો અમુક નક્કી મહોલ્લાના લોકો માટે જ કબ્રસ્તાન ખરીદ કરવા ન હતું, બલકે મુતલક (સાર્વજનિક) અને જાહેર કબ્રસ્તાન માટે હતું, તો પછી તેનો ઉપયોગ ખાસ મહોલ્લાના લોકોની દફનક્રિયા સુધી સિમિત રાખી શકાય નહીં, બલકે મુસ્લિમ પટેલ વ્હોરા સમાજના અન્ય તમામ મરહૂમીનની દફનક્રિયા માટે ઉપયોગમાં લેવું પણ દુરૂસ્ત ઠરશે.

(૨) કબ્રસ્તાન વકફ હોય, તેના કોઈ ટુકડાને દફન માટે વેચાણે અથવા ભાડા રૂપે આપતા પૈસા લેવું જાઈઝ નથી, ચાહે કબ્રસ્તાન ખાસ હોય અથવા જાહેર હોય, હઝરત મવલાના મુફતી સલમાન સા. મન્સુરપુરી (દા.બ.) પોતાના ફતાવામાં આ વિશે લખે છેઃ "વકફ કબ્રસ્તાનના ખાસ હિસ્સા – ભાગમાં દફન કરવા પર ડોનેશનની શરત લગાવવી, શરઈ દ્રષ્ટિએ જાઈઝ નથી." (કિતાબુન્નવાઝિલઃ ૧૪/૩૭ ઉપરથી)

(૩) કોઈ વ્યકિત વિશેષ કબ્રસ્તાન વકફ કરે, તો તે સ્વયં અથવા તેની અવલાદ મુતવલ્લી બનવાનો પણ હક ધરાવે છે, અને જો કબ્રસ્તાનની જમીન ચંદાની રકમથી ખરીદ કરવામાં આવી, તો જે તે મહોલ્લા અને સમાજના લોકો જેને લાયક સમજે, તેને મુતવલ્લી બનાવી શકે છે. ચંદો આપનાર અથવા કરનાર વ્યકિત માલના આધારે તો મુતવલ્લી બનવાનો હક નથી ધરાવતો, અલબત્ત જે તે મહોલ્લાના લોકો માલ આપનાર અથવા લાવનાર વ્યકિતને એના લાયક હોવાના લઈ મુતવલ્લી બનાવે, તો તે દુરૂસ્ત છે.

યાદ રહે કે દીનદાર, અમાનતદાર, કબ્રસ્તાનના સંચાલન માટે લાયક વ્યકિતને જ કબ્રસ્તાનનો મુતવલ્લી બનાવવામાં આવે.

*(દુર્ર–શામીઃ ૬/૪૯૬–૪૯૯, બહરૂર્રાઈકઃ ૫/૩૭૭, ફ.દારૂલ ઉલૂમઃ ૧૩/૪૨૮, અલ મસાઈલુલ મુહિમ્માઃ૨/૨૧૧ ઉપરથી)*

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

તા.૨૯/૨જબ/૧૪૪૦ હિજરી = ૬/૪/૨૦૧૯

બોધકથા ... નં : ૯૯

જંગલનો રાજા સિંહ એક દિવસ શિકારની શોધમાં નીકળ્યો હતો. ચાલતાં ચાલતાં તે એક ગધેડાઓના પ્રદેશમાં પહોંચી ગયો. ચારે તરફ ગધેડાઓ રમતા કુદતા હતા. પણ સિંહને આવતો જોઈને બધા આમ તેમ નાસવા લાગ્યા. એક ગધેડો બિચારો એટલો ડરી ગયો હતો કે નાસવાની હામ – હિંમત પણ ગુમાવી બેસ્યો. સિંહને આવતો જોઈએ વિચારવા લાગ્યો કે જોઈએ હવે શું થાય છે ?

આ બાજુ સિંહ પણ એક ગધેડાને આમ અડગ ઉભેલો જોઈને ઉભો રહી ગયો. એને થયું કે શું આ ગધેડો આટલો બધો બહાદુર હશે ? થોડીવાર સુધી બંને એકબીજાને જોતા રહયા. પછી ગધેડાને થયું કે સિંહ મારાથી ડરી ગયો છે, એટલે મારે આગળ વધવું જોઈએ. એટલે ધીરે રહીને એક પગ ઉઠાવીને આગળ વધ્યો. સિંહ આ જોઈને એક ડગલું પાછળ હટયો તો ગધેડાની હિંમ્મત ઓર વધી ગઈ. એ સીધો સિંહ તરફ દોડયો. સિંહ પાછો ફરીને નાસવા લાગ્યો. આમ સિંહ આગળ અને પાછળ ગધેડો.. જંગલમાં બંને ઘણા આગળ નીકળી ગયા. ગધેડો ઘણો ખુશ હતો. ફુલાયને જોરથી પોતાની હિંમ્મત અને સિહંની કાયરતા ઉપર હસતો હતો. પણ આ શું ? એણે જોયું કે સિંહ પાછળ દોડતાં દોડતાં તે સિંહોના વિસ્તારમાં આવી પહોંચ્યો છે અને ચારે તરફ સિંહ એને ઘેરીને ઉભા છે. ગધેડાને હવે અફસોસ થવા લાગ્યો... અને સમજાયું કે આટલું વધારે આગળ વધવાની જરૂરત ન હતી. પણ હવે મરવું નક્કી હતું. બે વકૂફ ગધેડો હજુ પણ પેલા સિંહની ચાલ સમજયો ન હતો, સિંહોને સંબોધીને કહેવા લાગ્યો કે, મને ખબર છે કે હવે મારે મરવાનું જ છે, પણ પેલા કાયર સિંહ કયાં છે ? મારી સામે આવવાની હિમ્મત કેમ નથી કરતો ?

હવે એ સિંહ હસતો હસતો સામે આવ્યો અને જોરથી ગધેડાને કહયું કે મારા આ બધા દોસ્તો સામે મારી શરત લાગી હતી કે આજે એક જીવતા શિકારથી એમની જિયાફત કરું. એટલે શિકારની જીવતો અહિંયા સુધી ખેંચી લાવવાની યુકિત રચી હતી, અને મને ખબર હતી કે ગધેડાઓ સિવાય કોઈ બીજું જાનવર આ યુકિતમાં ફસાશે નહીં..

આપણી આસપાસના માણસોમાં પણ આવા બેવકૂફ ગધેડાઓ અને ચાલાક સિંહો રહેતા હોય છે. એટલે જોશમાં આવીને શકિતશાળી માણસ સામે પડવાથી આખરે પસ્તાવું પડે છે. ગધેડાએ સિંહ પાછળ અને કમઝોર માણસે શકિતશાળી માણસ પાછળ ફકત પોતાની સલામતી પુરતું દોડવાનું હોય છે. એને પરાસ્ત કરવાની કોશિશ બેવકૂફી કહેવાશે.

# Prophet Muhammad (ﷺ) The Seal of Prophets

Allah the Glorious sent Muhammad (ﷺ) as the Seal of prophets and leader of messengers. The door of prophet-hood and prophetic mission has now been closed forever. The prophet (ﷺ) was given a complete religion. That is why, Shari'ah of Muhammad (ﷺ) (i.e. the Qur'an and Hadeeth and the sciences extracted from them) exclusively will remain as the light of the way for the whole mankind as long as this world lasts. Among the clear evidence to the end of the prophet-hood with the prophet Muhammad (ﷺ) is that he was sent as messenger till the Day of Judgment for the whole mankind. Allah proclaims the universal prophet-hood of the prophet Muhammad (ﷺ) at numerous places in the Holy Qur'an. Given below are three such verses.

Say (O Muhammad SAW): "O mankind! Verily, I am sent to you all as the Messenger of Allah — to Whom belongs the dominion of the heavens and the earth. (Surah al-A'araf: 158)

And We have not sent you (O Muhammad SAW) except as a giver of glad tidings and a warner to all mankind. (Surah Saba: 28)

And We have sent you (O Muhammad SAW) not but as a mercy for the 'Alameen (mankind,

jinn and all that exists). (Surah Anbiya': 107)

Since the very beginning of Islam till the present day the whole nation of Islam in the light of the Qur'an and Hadeeth unanimously agrees to the fact that the chain of prophet-hood has ended with the prophet-hood of Muhammad (ﷺ). Over a period of more than one thousand and four hundred years, billions of Muslims have subscribed to this faith. Thousands of Hadeeth scholars, Commentators of Qur'an, Jurists and scholars in the explanation of the Qur'an and Hadeeth have clearly stated that the series of prophet-hood has now ended and that Shari'ah of Muhammad (ﷺ) will be in force till the Day of Judgment. All the schools of thought of Muslim Ummah, every person whether scholar or illiterate, residing in cities or rural areas, not only Muslims but also some of the non-Muslims also know about this belief of the Muslims that Muhammad (ﷺ) is the last prophet and messenger of Allah and that there will be no more prophet or messenger. Scores of those claiming prophet-hood have emerged from time to time who were defeated by the whole Muslim Ummah defending their prophet and the flag of Islam.

Many verses of the Holy Qur'an testify that Muhammad (ﷺ) is the last prophet. Maulana Mufti Muhammad Shafi (RHA), in his book "Khatme Nubuwat" (The End of Prophet-hood) proved it

supported by one hundred verses of the Qur'an, 210 Ahadeeth, consensus of the nation, hundreds of statements of companions of the prophet (RA), companions of the prophet's companions and great scholars of Islam. Some scholars have proved the end of the prophet-hood by each Surah of the Holy Qur'an. I prefer to briefly mention one verse:

> "Muhammad (ﷺ) is not the father of any of your men, but he is the Messenger of Allah and the last (end) of the Prophets. And Allah is Ever All Aware of everything".

During the time of ignorance (Pre-Islamic times), the adopted son was regarded as the real son. At the beginning of this verse, Allah has refuted this saying that the adopted son is not in the position of a real son. Thus the prophet (ﷺ) is not the father of Zaid bin Thabit (RA). Thereafter Allah says "But he (ﷺ) is the Messenger of Allah and the seal of the prophets".

This article is about this phrase of this verse. This clearly testifies to the fact that the religion of Islam and the gift of prophet-hood have been completed with the prophet-hood of Muhammad (PBUH). There is neither a room nor is there a need for a prophet after the Prophet Muhammad (PBUH). Allah says:

> "This day, I have perfected your religion for you, completed My Favour upon you, (Surah Al-Maedah: 3).

Allah is the Lord of the worlds, i.e. He is the Sustainer of all the human being, jinns and the whole universe till the Day of Judgment. Likewise the prophet (PBUH) was not sent as a prophet for the people of his time, nor for the Muslims only, but he (ﷺ) was sent as a prophet to the whole mankind and there will be no prophet till the Day of Judgment. Even Eisa (AS), after his dissension to the earth will follow on the Shari’ah of Muhammad (ﷺ) and will he people to it exclusively.

Besides the words of Allah, sayings of the prophet (ﷺ) are also an important part of Islam. In addition, we cannot understand the words of Allah without traditions i.e. sayings and actions of Allah's messenger (ﷺ). Allah ordains in several verses to obey the messenger besides his obedience. Thus besides the Holy Qur’an prophet's (PBUH) Ahadeeth (sayings and actions) is an important source of Islamic Shari’ah. The wealth of Hadeeth contains hundreds of sayings of the prophet (ﷺ) which clearly testify that there will be no prophet or messenger after him. These sayings have reached through multiple chains to the Muslim nation. Therefore, in the light of the Qur’anic verses and prophet's Ahadeeth, the whole Muslim nation is unanimously agree that just as one cannot be a Muslim without believing in him, he cannot be a Muslim unless he believes that he (ﷺ) is the last prophet. Numerous Ahadeeth contained in books of

Ahadeeth clearly testify the end of prophet-hood. Given below are two Ahadeeth:

The messenger of Allah (ﷺ) said, my example, in comparison to other prophets (AS), is of a person who built a house and decorated it in the highest capacity but left the place of a brick in a corner of it. People come to see the house, praise it and say why this brick is not fixed, so that the house would have been completed. I filled that left place, the palace of the prophet-hood is completed by me, I am the seal of the prophets and the chain of prophets ends with me. (Muslim, Tirmizi, Nasai & Musnad Ahmed) The prophet Muhammad (ﷺ) explained the issue of Khatme Nubuwat (the end of prophet-hood) by giving a best example.

The messenger of Allah (ﷺ) said, the prophets (AS) of Bani Israel used to be the leader of their nation, whenever any prophet dies, Allah used to sent another prophet as his deputy. Whereas, after me no prophet will come, rather there will be Caliphs of me. (Bukhari & Muslim)

In the light of the Qur’an and Sunnah, the whole Muslim Ummah from the beginning of Islam till today agrees that the door of prophet-hood has been closed after our prophet Muhammad (PBUH). Muhammad (PBUH) is the last messenger of Allah (PBUH) and Shari’ah given to will remain as the light of the way for the whole mankind as long as this world lasts.

### મહાન દોલત

હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે, એકવાર : 'સુબ્હાનલ્લાહ, અલ્હમ્દુલિલ્લાહ, લાઈલાહ ઈલ્લલ્લાહ, વલ્લાહુ અકબર' કહેવું મને આખી દુનિયાની દોલતથી વધારે પસંદ છે.

### નેકી કરવાની તોફીક

ઈબ્ને કય્યિમ રહ. ફરમાવે છે કે નેકી કરનાર વ્યકિત એમ ન સમજે કે બુદ્ધિ (નફસ) અને દિલના નેકી કરવાની એને પ્રેરણા આપે છે. બલકે યાદ રાખો કે અલ્લાહ તઆલાની મુહબ્બતના પ્રતાપે માણસને નેકી કરવાની તોફીક મળી છે, જો આ બાબતે પણ પોતાના નફસ – બુદ્ધિ ઉપર વિશ્વાસ કરશો તો એ તમને ખોટા માર્ગે લઈ જશે અને અલ્લાહ તઆલા પણ તમને ભૂલી જશે.

### યોગ્ય સ્થાન

બુદ્ધિશાળી લોકો કહે છે કે, યુવાન માણસ માટે ઈલ્મ – જ્ઞાનમાં પ્રવૃત રહેવું સારું છે. આધેડ અને વૃદ્ધ માટે મસ્જિદ જ યોગ્ય સ્થાન છે. સ્ત્રી ઘરમાં જ સલામત રહી શકે છે. અને અત્યાચારી – ગુનેગાર જેલમાં હોય એ જ ઉચિત છે.

### ઇબાદત અને આરામ

બિશર હાફી રહ.ને કોઈએ પૂછયું આમ લગાતાર ઈબાદતો જ કર્યા કરો છો, કંઈ આરામ તો કરો ! એમણે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાના રસૂલના આગલા – પાછલા ગુનાહો બધા જ માફ હતા, છતાં એટલી બધી ઈબાદત કરતા હતા કે પગો સૂજી જતા હતા. મને તો ખબર પણ નથી કે મારો એક ગુનો પણ માફ થશે કે નહીં !

### બુદ્ધિ વધારવાનો નુસ્ખો

માણસે એની માનસિક શકિત, બદ્ધિ, વિચાર અને હોશિયારી વધારવા માટે અલ્લાહનું કલામ કુરઆન અને રસૂલની વાતો એટલે કે હદીસ શરીફનું વાંચન કરીને એમાં મનન – ચિંતન કરવું જોઈએ. બીજી કોઈ પણ રમત કે અભ્યાસ આ બાબતે કુરઆન – હદીસના સમાન નથી.

### બચી જઈએ એ જ કાફી..

હઝરત આઈશહ રદિ.ના મૃત્યુ ટાણે છેલ્લી ઘડીઓમાં હઝ. ઈબ્ને અબ્બાસ રદિ.એ ખબર અંતર પૂછવા અંદર આવવાની રજા માંગી. હઝરત આઈશહ રદિ.એ શરતે અંદર આવવાની ઈજાઝત આપી કે મારી પાસે આવીને મારા વખાણ કરવા નહીં. તેઓએ અંદર આવીને પૂછયું કે, શું હાલ છે ? હઝ. આઈશહ રદિ.એ ફરમાવ્યું કે, સારું છે, જો હું બચી જાઉં..

### મુહબ્બતમાં કમી

કોઈને મુબારકબાદી આપવામાં ત્રણ દિવસથી વધારે મોડું કરવાનો મતલબ તમારી એના પ્રત્યેની મુહબ્બતમાં કોઈ કમી છે. ● ● ●